**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : કલ્પના શાહ**

**ડીઇઓ : પ્રદીપ ચાવડા**

**તારીખ : 04-06-2024** **સમય : સાંજે 6.25 વાગ્યે**

---------------------------------------------------

## કચ્છ-મોરબી બેઠક પર વિનોદ ચાવડા જીત નિશ્ચિત

લોકસભા સામાન્ય ચૂંટણી 2024માં કચ્છ-મોરબીની લોકસભા બેઠક પર 27 રાઉન્ડના અંતે ભાજપના ઉમેદવાર વિનોદ ચાવડાની જીત નિશ્ચિત મનાઇ રહી છે. તેમને કુલ 6 લાખ 59 હજાર 574 મતો મળ્યા છે જ્યારે તેમના હરીફ કોંગ્રેસના ઉમેદવાર નિતેશ લાલણને 3 લાખ 90 હજાર 792 મત મળ્યા છે. કચ્છ-મોરબી મત વિસ્તારની લોકસભા બેઠક પર ભાજપ અને કોંગ્રેસ સિવાય અન્ય 9 ઉમેદવારો ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું હતું. આ નવ ઉમેદવારોને મળીને કુલ 81 હજાર 149 મત મળ્યા છે. જ્યારે 18742 મતદારોએ નોટા પર પસંદગી ઉતારી છે. ભાજપના ઉમેદવાર વિનોદ ચાવડા 2 લાખ 67 હજાર 595 મતોની કોંગ્રેસના હરીફ ઉમેદવાર સામે સરસાઇ મેળવી છે. કચ્છ-મોરબી લોકસભા બેઠક પર કુલ 10 લાખ 95 હજાર 157 મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. સૌથી વધુ ભુજ વિધાનસભા મત વિસ્તારમાંથી 1 લાખ 69 હજાર 706 મત પડ્યા છે જ્યારે સૌથી

ઓછા 1 લાખ 20 હજાર 696 મત રાપર વિધાનસભા બેઠકમાંથી પડ્યા છે. જ્યારે 1 લખ 69 હજાર 417 મત મોરબી વિધાનસભા મત વિસ્તારમાંથી મતો પડ્યા છે.

પરેશ મારૂ

---

## <u>ચૂંટણીપંચ દેશનું ચિત્ર</u>

દેશભરમાં 18મી લોકસભાની ચૂંટણી માટેની 543 બેઠક માટે સવારથી મતગણતરી ચાલી રહી છે. ચૂંટણી પંચના જણાવ્યા મુજબ, ભાજપ 244, કોંગ્રેસ 98, સમાજવાદી પાર્ટી 34 બેઠકો પર સરસાઈ ધરાવે છે.

દરમ્યાન ચૂંટણી પંચ દ્વારા અત્યાર સુધીમાં દેશભરની બેઠકો માટે ભાજપના 20, કોંગ્રેસના 4, જનતા દળ (એસ) બે, જ્યારે આપ, શિવસેના ઉદ્ધવ ઠાકરે ગ્રુપ, NCP અને હિન્દુસ્તાન આવમી મોરચાના એક – એક ઉમેદવારોને વિજેતા જાહેર કરાયા છે.

**RNU** અમદાવાદ

---

## <u>ગુજરાતનું ચિત્ર / સીએમ આભાર</u>

ભાજપનો ગુજરાતમાં 25 બેઠકો ઉપર વિજય નિશ્ચિત મનાઇ રહ્યો છે. બનાસકાંઠાની એક બેઠક પર કોંગ્રેસના ગેનીબેન ઠાકોરનો વિજયી નિશ્ચિત બન્યો  છે ત્યારે ગાંધીનગર સ્થિત કોબામાં ભાજપના મુખ્યમથક કમલમ ખાતે ભાજપ પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પત્રકાર પરિષદ યોજી હતી અને મતદારોનો આભાર માન્યો હતો.. પાટીલે બનાકાંઠાની બેઠક ગુમાવવો અફસોસ વ્યક્ત કર્યો હતો.. તેમણે કહ્યું હતું કે તેમની મહેનત થોડી ઓછી પડી છે..

જ્યારે મુખ્યમંત્રીએ પરિણામો અંગે પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે, કાર્યકરોના અથાક પરિશ્રમને કારણે ગુજરાતમાં ભાજપને 25 બેઠકો મળી છે.. તેમણે ગુજરાતના મતદારોનો આભાર વ્યક્ત કર્યો હતો.. બીજી તરફ આજના પરિણામો અંગે પોતાની પ્રતિક્રિયા આપતાં ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ શક્તિસિહ ગોહિલે મતદારોનો આભાર વ્યક્ત કરીને ગેની બેનના વિજય નિશ્ચિત હોવા ઉપર આનંદ વ્યક્ત કર્યો હતો..

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## <u>સત્તાવાર વિજેતા જાહેર થયેલ પરિણામ</u>

ગુજરાતની 25 લોકસભા બેઠકો માટે ચાલી રહેલી મતગણતરીમાં ભારતીય જનતા પાર્ટીના 4 અને કોંગ્રેસના એક ઉમેદવારને સત્તાવાર રીતે વિજેતા જાહેર કરવામાં આવ્યા છે.

જેમાં અમદાવાદ પશ્ચિમના ભાજપના ઉમેદવાર દિનેશ મકવાણા, અમદાવાદ-પૂર્વના ભાજપના ઉમેદવાર હસમુખભાઇ પટેલ, જૂનાગઢમાં ભાજપના ઉમેદવાર રાજેશ ચુડાસમા, કેન્દ્રશાસિત પ્રદેશ દાદરાનગર હવેલી બેઠક પરથી ભાજપના ઉમેદવાર કલાબેન ડેલકર, મહેસાણા બેઠક પરથી ભાજપના ઉમેદવાર હરીભાઇ પટેલ અને બનાસકાંઠા બેઠક પર કોંગ્રેસના ગેનીબેન ઠાકોર, ખેડા લોકસભાની બેઠક ઉપર ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી દેવુસિંહ ચૌહાણ વિજેતા જાહેર થયા છે. ઉલ્લેખનીય છે કે, બાકીની બેઠકોની મતગણતરી અંતિમ તબક્કામાં છે. જેમાં ભાજપના 20 ઉમેદવારોની જીત નિશ્ચિત મનાઇ રહી છે.

અગાઉ સુરત બેઠક પરથી ભાજપના ઉમેદવાર મુકેશ દલાલને બિનહરીફ વિજેતા જાહેર કરવામાં આવ્યા છે.

**RNU અમદાવાદ**

---

## વિધાનસભાની પાંચ બેઠકો પર સત્તાવાર પરિણામ

વિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકો પર પણ ભાજપનો વિજય નિશ્ચિત છે. ચૂંટણી પંચે બે બેઠકનાં નિર્ણયની સત્તાવાર જાહેરાત કરી છે. પોરબંદર બેઠક પરથી અર્જુન મોઢવાડીયા એક લાખ સોળ હજાર મતોથી જીત્યા છે.

ખંભાત બેઠક પરથી  ચિરાગ પટેલ 38 હજાર 328 મતોની સરસાઈથી જીત્યા છે. તો, વીજાપુર બેઠક પર ભાજપના ડો. સી જે ચાવડા એક લાખથી વધુ મતોથી આગળ છે. વાઘોડિયા બેઠક પર ભાજપના ધર્મેન્દ્રસિંહ વાઘેલા જીતી ગયા છે. માણવદર બેઠક પરથી ભાજપના અરવિંદ લાડાણી 31 હજારથી વધુ મતોથી આગળ છે.

**RNU અમદાવાદ**

------------------------------------------------------------------------

## અકસ્માત

દરમિયાન આજે લાકડિયા નજીક કાર અને ટ્રેઇલર અને વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા કારમાં સવાર 6 લોકોના મૃત્યુ નીપજ્યા હોવાના અહેવાલ સાંપડ્યા છે, જ્યારે બેને ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા હોવાનું જણાવાયું છે.

કલ્પના શાહ

------------------------------------------------------------------------